




# અનુપમની હે અમૃતધારા...!

**~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા**

**૧૨ જૂન ૨૦૨૫, બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય કાકાજી મહારાજ જયંતી,**
**શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ, શ્રી માણાવદર તીર્થધામ.**

**સ્વામિનારાયણ** ભગવાનની જય ! શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની જય ! બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ પ્રાગટ્યપર્વની જય ! અક્ષરદેરી, માણાવદરના પાટોત્સવની જય !

કાકાજી મહારાજની પ્રાર્થનાથી માણાવદરના મુક્તોને યોગીબાપાએ અક્ષરદેરીતુલ્ય આ તીર્થસ્થાન ભેટ આપ્યું. ગોંડલ અક્ષરદેરીના મહિમાની અને માણાવદર અક્ષરદેરીના મહિમાની વાતો આપણે છેલ્લાં ૬૦ વર્ષથી સાંભળીએ છીએ. ગુરુહરિ સાહેબદાદાએ આ મંદિરનિર્માણમાં કાકાજી મહારાજનાં માહાત્મ્યસિંચનથી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પ્રસન્નતાને અર્થે પુરુષાર્થ કરનારા એવા પૂ. દેવશીબાપા, પૂ. ભવાનબાપા, પૂ. પ્રેમજીબાપાની પેઢીને યાદ કરી કે જેમને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો મહિમા કાકાજી મહારાજે હૃદયમાં સ્થાપિત કરી આપ્યો. સાહેબદાદાએ હરિભાઈસાહેબ, જશમતભાઈ અને નરસિંહફુઆને પણ યાદ કર્યા. વશરામભાઈ, મેઘજીભાઈ ને તે સમયના ઘણા બધા યુવાન ગૃહસ્થો કે જેઓ એ સમયની હરિભાઈસાહેબની નારાયણી સેનાના સૈનિકો હતા. જેમનાં સંતાનો અત્યારે આપણી ગુણાતીત સમાજની બધી જ સંસ્થાઓની શોભા વધારી રહ્યાં છે, સુવાસ પ્રસરાવી રહ્યાં છે. એવું આ અદ્‌ભુત માણાવદરનું સ્થાન, તેનો મહિમા એટલે ખરેખરો દાદુકાકાનો મહિમા !

બાપાની આજ્ઞા પાળી લેવા માટેનું માહાત્મ્ય અને બાપા કોણ છે ? એમના માહાત્મ્યનું જેમણે સિંચન કર્યું એવા દાદુકાકાની અમારા ઉપર અઢળક કૃપા રહી છે ! અને એટલે અખંડ એમને સંભારતા રહીએ છીએ. ૧૯૬૩માં શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના બાંધકામની શરૂઆત થઈ. અને એ જ વર્ષમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કાકાજી મહારાજનો સંબંધ વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરતા યુવાન વિદ્યાર્થીઓને કરાવ્યો. ગુરુહરિ સાહેબદાદાના હાથમાં હાથ મુકાવીને એમના આધ્યાત્મિક ઉત્થાનની જવાબદારી ને વ્યાવહારિક માર્ગદર્શન આપવાની સૂઝ આપવા માટેની બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કાકાજી મહારાજને આજ્ઞા કરી. એ આજ્ઞાને માથે ચડાવીને કાકાજી મહારાજ મહિનામાં બે વખત મુંબઈથી વલ્લભવિદ્યાનગરના યુવક મંડળમાં આવતા. તે સમયની ચારુતર વિદ્યામંડળની હૉસ્ટેલમાં રહીને અમે અભ્યાસ કરતા ત્યારે અમારી હૉસ્ટેલમાં કાકાજી મહારાજ અમારી સાથે પંખા વગરની હૉસ્ટેલની રૂમમાં અમારી ભેળા રહ્યા છે, અને અમને કાચું-પાકું જે કંઈ રાંધતાં આવડે એ રાંધીને અમે કાકાજી મહારાજને થાળ ધર્યા છે.

કાકાજી મહારાજને એક જ નિશાન-મારા ગુરુ યોગીજી મહારાજની પ્રસન્નતા ! ગુરુનાં વચન, એમની આજ્ઞાનાં પાલનનો ઉમંગ ને ઉત્સાહ એમણે પોતે જીવીને, આચરીને બતાવ્યો. અને પોતાના ગુરુને માટેનો નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય પોતાના હૃદયમાં ધારીને જીવતા કાકાજી મહારાજને ૩જી ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ ભાવસમાધિ થઈ. એ ભાવસમાધિમાંથી કાકાજી મહારાજ બહાર નીકળ્યા ત્યારે તેઓએ યોગીજી મહારાજ પાસે માગ્યું કે, 'જે દર્શન અને જે સુખની પ્રાપ્તિ મને થઈ છે એ મારી સાથેવાળા તમામને થાય એવા આશીર્વાદ આપો.' આપણે એમાં મફતમાં ફાવી ગયા છીએ.

કાકાજી મહારાજ અને કાન્તિકાકાને અદ્‌ભુત મૈત્રી ! સુહૃદભાવની ગંગોત્રી જ્યાંથી વહે છે તે તાડદેવના ધામની આ વાત છે. પપ્પાજી મહારાજ પણ આફ્રિકાથી પાછા આવ્યા અને કાકા, કાન્તિકાકા ને પપ્પાજીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાને અને એમની પ્રસન્નતાને જીવન બનાવીને જીવી બતાવ્યું; એ આપણા

ગુણાતીત સમાજનો ઈતિહાસ છે, એ આપણું ગૌરવ છે, એ આપણી ખાનદાની છે ! અને એને નભાવવી ને એ માર્ગે ચાલવું એ શિષ્ય તરીકેની, અનુયાયી તરીકેની આપણા જીવનની શ્રેષ્ઠ ફરજ છે અને ભક્તિ છે !

એવા કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન માણાવદરમાં વર્ષોવર્ષ ઉજવાય છે અને ત્યારે ગુરુહરિ સાહેબદાદા માણાવદર તીર્થસ્થાનમાં પધારે છે. એ તીર્થસ્થાનનો મહિમા વધારનારા એવા સંતો અરુણદાદા, વ્યાસબાપા આવ્યા, યુવાન અને તરવરિયા એવા સાધુ રણછોડદાસજી આવ્યા, અને ૬૦-૬૦ વરસથી એ ગૌરવને આ સંતોએ એમની જીવન-તપશ્ચર્યા દ્વારા વધાર્યું અને આપણને સૌને પુણ્યવંતા બનાવ્યા.

અનુપમ મિશનનાં મુંબઈથી છેક કચ્છ સુધીનાં જે કેન્દ્રો છે એ કેન્દ્રોમાં કાકાજી મહારાજના આ દિવ્ય અને અદ્‌ભુત સ્થાન-માણાવદરના કેન્દ્રને 'સુહૃદભાવ'નું સર્ટિફિકેટ ગુરુહરિ સાહેબદાદા અત્યંત પ્રસન્નતાની સાથે આપે છે. અને આ તો મહારાજની ભૂમિ છે, ગુણાતીતની ભૂમિ છે ! પંચતીર્થીઓના પ્રવાસીઓ માટેની યાત્રાનું આ સ્થાન છે, એટલે કોઈ ને કોઈ નિમિત્તે માણાવદર આવતા માત્ર ગુણાતીત સમાજના જ નહીં, પણ સ્વામિનારાયણ સંપ્રદાયની અન્ય સંસ્થાઓના ભક્તોને 'તમે ક્યાંના છો ને કોના છો ?' એવો સવાલ આ સંતો પૂછતા નથી. ભગવાને એમને મોકલ્યા છે ને ભગવાનના ભાવથી એમની સેવા-પરિચર્યા કરવી એ અમારું શિક્ષણ છે, એ અમારી ખાનદાની છે ! આવી ખાનદાની વર્તમાન સમયે પણ આ સંતો જે રીતે દીપાવી રહ્યા છે, એમને અભિનંદન આપવાનું અને એમનો હૃદયપૂર્વક આભાર માનવાનું મન થાય છે.

આવા સંતો ! આવો આપણો ગૌરવશાળી ઈતિહાસ ! અને સમયે સમયે પ્રગટ થતા સત્પુરુષ ! અને વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ સાહેબદાદા તરફ દૃષ્ટિ રાખીને આપણે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે એમની આજ્ઞાનું પાલન કરવાનું અનુસંધાન રાખવાનું છે. અક્ષરદેરીતુલ્ય આ તીર્થસ્થાન આપણને યોગીબાપાએ કરી આપ્યું, કાકાજી મહારાજે કરી આપ્યું. પપ્પાજી મહારાજે, હરિપ્રસાદ સ્વામીજીએ પધારીને એનું તીર્થત્વ વધાર્યું. પણ, મૂળ મુદ્દાની વાત કે આપણે આ મૂર્તિને આપણી પોતાની કરવી છે. અને એના માટેનો શ્રેષ્ઠ ઉપાય ગુરુહરિ સાહેબદાદાની આપણને આજ્ઞા છે તે પ્રમાણે રોજ માત્ર ૩૦ મિનિટની ધૂન કરીએ અને તેઓનાં એ વચનને આપણે યાદ રાખીએ.

કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન ઊજવવો એટલે 'હું યોગીનો ને યોગી મારા'-કાકાજી મહારાજે એવું જીવન જીવીને બતાવ્યું. યોગીના સંબંધવાળા સર્વને સર્વપ્રકારે નિર્દોષ અને દિવ્ય માનીને સ્વીકાર્યા. તો કાકાજી મહારાજનો જ્યારે આપણે પ્રાગટ્યદિન ઊજવીએ છીએ ત્યારે કાકાજી મહારાજને તે સમયે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને વિશે જેવો નિરુત્થાન, નિશ્ચલ નિશ્ચય હતો, એવા નિશ્ચયનો આપણને આપણા સમયના આપણા પ્રગટ સ્વરૂપમાં દૃઢાવ થાય. ગુરુહરિ સાહેબદાદાના સ્વરૂપને વિશે સમ્યક્‌પણે નિર્દોષભાવ અને દિવ્યભાવ હૃદયને વિશે સ્થાપિત થાય એવી બાપા પાસે, કાકા પાસે અને સર્વ સ્વરૂપો પાસે પ્રાર્થના કરીએ. કારણ કે, આજ્ઞા પાળવા માટેનું જે બળ છે એ મોટા પુરુષનો દૃઢ આશરો છે ! મારો કે તારો, પણ પ્રભુ હું તમારો છું એવા દૃઢ આશરાથી એમના સ્વરૂપને વિશે કોઈ પણ પ્રકારની શંકા-કુશંકા રાખવી નહીં. ક્યાં ? ક્યારે ? ને કોણ કરશે ? એવી અનિશ્ચિતતાને બદલે સંપૂર્ણ નિશ્ચિંતતા જો પ્રાપ્ત કરવી હોય તો ભગવાનને કર્તા-હર્તા માનીને જે કંઈ પણ થઈ રહ્યું છે તેનો સહજ સ્વીકાર કરીએ.

ગુણાતીતાનંદ સ્વામીએ એક બહુ સુંદર વાત કરી છે કે, અંતરમાં ટાઢું રહે ને ધગી ના જવાય એના બે ઉપાય છે. એક તો ભગવાનનું ભજન કરવું અને બીજું પ્રભુને કર્તાહર્તા માનવા કે, તેઓ જે કરતા હશે તે ઠીક જ કરતા હશે. કારણ ? 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં.' આપણે દાસ થવાનું છે, શરણાગત થવાનું છે, શિષ્ય થવાનું છે ને સરળ હૃદયના ભક્ત થવાનું છે. 'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં,' તેઓ જેમ કરતા હશે એમ ઠીક જ કરતા હશે, આવી દૃઢતા કાકાજી મહારાજને હતી, તે સદેહે અમે જોયું છે. પપ્પાજી મહારાજને પણ હતી, તે એમની સાથે બહુ નિકટ રહીને જોયું છે. અને એનો દિવ્ય વારસો એમણે આપણને સૌનેય આપ્યો છે.

હે પ્રભુ ! આજના પરમ મંગલ દિવસે આમાં મારી કાંઈ પણ કસર રહી હોય, કચાસ રહી હોય, તો એને ટાળવા માટેની જાગ્રતતાથી ધૂન-ભજન-પ્રાર્થનાનો ઉપાય લઈએ. અને આપના સંબંધવાળા નાના-મોટા-સર્વને વિશે એવો નિર્દોષભાવ ને ધન્યભાવ કરીએ. એની રજૂઆત જુદી જુદી રીતે થાય, પણ હૈયાનો ભાવ તો એ જ છે. આપણે કોઈને બથમાં લઈને ભેટીએ નહીં, એનો અર્થ એવો નથી કે, આપણે એના હૃદયથી છેટા છીએ અને બથમાં લઈને ભેટીએ એટલે આપણે એના હૃદય સાથે એકરૂપ ને એકાકાર થઈ ગયા છીએ ! એ તો સૌ સૌની રીત છે. અને એવી રીતનો ભેદ પણ અમે કાકાજી અને પપ્પાજીની વચ્ચે જોયો છે. જે કાકાજી હતા તે કાકાજી હતા, જે પપ્પાજી હતા તે પપ્પાજી હતા. અને અમે સદ્‌ભાગી કે બંનેની સાથે લાંબાં વર્ષો સુધી ગુરુહરિ સાહેબદાદાનાં માર્ગદર્શન પ્રમાણે જીવી અને જે સત્ત્વ ને તત્ત્વ છે એને સમજવાની અમને તક મળી. એ અદ્‌ભુત જીવનભાથું અમારા શેષ જીવનની મૂડી બની રહે અને ગુણાતીત સમાજના સર્વ મુક્તો, ભક્તોનો આવો ભગવદ્‌ભાવ વધારે ને વધારે દૃઢ થતો રહે તેવી કાકાજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆